

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કર્યો ખૂબ સંઘર્ષ, હવે કોઈ બોજ ઉપાડી લ્યો !*
*નામના જ સેનાપતિથી હવે ફોજ હટાવી લ્યો !*
*ઉંચક્યો ભારે જિંદગીનો ખોટું મોટું મલકાવી -*
*થાકી ગયો છું હવે તો કોઈ બોજ ઉપાડી લ્યો !*

### હાઈકુ

*ડૂબશે નાવ!?*
*તોફાનો પાર કરી -*
*કિનારે આવી!!*

*ડીગ્રીમાં પાસ,*
*દંભી વ્યવહારોમાં -*
*થયા નપાસ...*

### ચિંતન

*બહુનાં ચૈવ સત્ત્વાના સમવાયો રિપુશ્ચવ: ।*
*વર્ષધારાધરો મેઘસ્તૃણૈરપિ નિવાર્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**સામાન્ય વ્યક્તિઓનો સમુદાય - તેઓનું સંગઠન શક્તિશાળી દુશ્મનને પણ સરળતાથી હરાવી શકે છે. જેવી રીતે એકત્રિત કરેલાં તણખલાંનું છાપરું જળની ધારાને ઘરમાં પડતાં રોકે છે.**

**જે પરિવારમાં મતભેદ હોય છે. અરસપરસ એકતાનો અભાવ હોય છે તે જલ્દી નાશ પામે છે. તેવી જ રીતે જે પરિવારમાં અથવા તો દેશમાં એકતાની ભાવના જોવા મળે છે, જેઓ ખભેખભા મેળવી એક સાથે કામ કરે છે તેઓ ખતરનાકમાં ખતરનાક દુશ્મનને પણ હરાવી શકે છે. વૃક્ષની એક ડાળી નાનું બાળક પણ સરળતાથી તોડી શકે છે. પણ લાકડાનો ભારો તોડવો શક્તિશાળી વ્યક્તિ માટે પણ અશક્ય હોય છે.**

### સુવિચાર

- અપનો પર શક કરને સે પહેલે એક બાર સોચ લો... 'સંદેહ' અપનો મેં દુરિયાં લાતા હૈ - **ગુલઝાર**
- ખામીઓ શોધો છો, ખાસિયત કયાંથી દેખાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ભૂલા પડી જવાની મજા પણ કદી લૂંટો, આ શું તમે સતત રહો છો રસ્તાની શોધમાં - **રિષભ મહેતા**
- સારો ખરાબ એકવાર સૌનો સમય આવે છે,
  હિંમત ન હારે એ જ વ્યક્તિ અહીં તો ફાવે છે - **લતા કાનુગા**
- આજકાલના માનવીની આકૃતિ ઉજળી દેખાય છે પણ કૃતિ કાળી દેખાય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- કોઈની સફળતાથી આતંક્તિ નહીં, આનંદીત થઈએ - **રીઝવાન ગુજરાતી**
- આજનું ઔષધ : મરીને શુદ્ધ ઘીમાં ઘસીને નાકમાં ટીપા પાડવાથી માઈગ્રેન મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ક્રોધ ને જીતનાર સૌથી મોટો વિજેતા - મહાવીર છે.

એકવાર ભૃગુઋષિએ દેવોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. એમને થયું કોણ સૌથી મહાન છે ? લાવ ચકાસી જોઉં.

ભૃગુઋષિ સૌ પહેલાં બ્રહ્માજી પાસે ગયા. અને તેમને જેમતેમ બોલ્યા. બ્રહ્માજી ઋષિને શાપ આપવા તૈયાર થયા. ઋષિએ માફી માંગી લીધી અને ત્યાંથી ગયા કૈલાસ પર્વત. ત્યાં એ શિવ પાર્વતી પાસે જઈને એલફેલ બોલવા લાગ્યા. શંકર ભગવાન ગુસ્સે થઈ ગયા અને ત્રિશુલ લઈને મારવા દોડ્યા. ઋષિએ માફી માંગી અને પાર્વતીએ શિવજીને માંડ સમજાવ્યા ત્યારે શાંત થયા. ત્યાંથી ભૃગુઋષિ વૈકુંઠમાં ગયા. ભગવાન વિષ્ણુ આરામમાં હતાં, ઋષિએ વિષ્ણુ ભગવાનને છાતીમાં લાત મારી ને કહ્યું, 'એક મહાન તપસ્વી ઋષિ આવે ત્યારે તમને આમ પડ્યા રહેતાં શરમ નથી આવતી ??'

વિષ્ણુ ભગવાન ઊભા થઈ ગયા. તેમણે ઋષિના પગ દબાવ્યા અને કહ્યું, 'મારી વજ્ર જેવી છાતી પર પગથી પ્રહાર કરતા આપને કયાંક વાગ્યું તો નથી ને ??'

ક્રોધ જીતનાર વિષ્ણુને મહાન જાહેર કરતાં ભૃગુ ઋષિએ કહ્યું, 'લક્ષ્મીજી તમને વરે તે જ યોગ્ય છે.'

# મૂલ્યો નેવે મૂકી લડાઈ રહેલી ચૂંટણી

છેક છેલ્લા દિવસ સુધી વિધાનસભાના ઉમેદવારોની યાદી જાહેર નહીં કરીને બેઉ પ્રતિસ્પર્ધી રાષ્ટ્રીય પક્ષોએ વ્યૂહાત્મક પકડદાવ રમવો પડે તે જ સૂચવે છે કે પરિસ્થિતિ કેટલી નાજુક છે અને હરિફાઈ કેટલી તીવ્ર છે. શરુ શરુમાં એમ જ લાગતું હતું કે કોંગ્રેસની જિજીવિષા જ સમાપ્ત થઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી પાસે મોદી અને શાહ જેવા રાષ્ટ્રીય નેતાઓ છે, જે દેશભરમાંથી કોંગ્રેસનું નિકંદન કાઢવા કૃતસંકલ્પ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં કેટલાંક આકરાં પગલાંને પણ પ્રજાએ સદ્‌ભાવ પૂર્વક સ્વીકારી લીધાં હોવાની પ્રતીતિ નોટબંધી પછી થયેલી ચૂંટણીઓમાં ભાજપને મળતી રહેલી સફળતાથી થઈ ચૂકી હતી. મોદી વૈશ્વિક નેતા તરીકે કાઠું કાઢી ચૂક્યા છે અને ભારતનું અરુણ જેટલી કૃત અર્થકારણ લાંબા ગાળે એને વિશ્વની મોટી આર્થિક સત્તા તરીકે પ્રસ્થાપિત કરી શકે એમ છે એવી સાંત્વના પણ મળી રહી છે. જો કે ગુજરાતની વિધાનસભાની ચૂંટણી જાહેર થતાંની સાથે સુષુપ્તાવસ્થામાં પડેલી કોંગ્રેસ એકાએક બેઠી થઈ ગઈ અને ગુજરાતમાં ચાલતાં ત્રિવિધ આંદોલનોના યુવા નેતાઓના ખભા પર ચડી શાસક ભારતીય જનતા પાર્ટી તથા એના ધરખમ નેતાઓ વિરુદ્ધ આક્રમક બની મેદાનમાં આવી ગઈ. કદાચ ભારતીય જનતા પાર્ટીના મોવડીઓને પરિસ્થિતિ આટલી હદે વિકટ બની રહેશે એવી કલ્પના પણ નહીં હોય. પરંતુ પાટીદાર મતબેંક સરકી ન જાય એ માટે સ્થાનિક કક્ષાએ તો ડેમેજ કંટ્રોલની કાર્યવાહી શરુ કરી જ દેવાઈ હતી. એ માટે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલથી લઈ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન ઉપરાંત વિવિધ ધાર્મિક પ્રતિષ્ઠાનોના અગ્રણીઓ સાથે મુલાકાતો અને સલાહ સૂચનોનો દોર શરુ કરાયો હતો. સવર્ણો માટેનું વિશેષ પૅકેજ પણ જાહેર કરાયું હતું અને પાટીદાર આયોગની સ્થાપનાનો નિર્ણય પણ લેવાયો હતો. મહદંશે બંધારણની મર્યાદામાં રહી શાસક પક્ષે પાટીદારો માટે થઈ શકે એટલું કરી છૂટવાનો પ્રામાણિક ઉદ્યમ કર્યો હોવા છતાં હાર્દિક પટેલના નેતૃત્વ વાળી પાટીદાર આરક્ષણ સમિતિએ એમની સામે સતત મોરચો માંડ્યો ત્યારે ભાજપ દ્વારા હાર્દિકના કેટલાક ચુનંદા સાથીદારોને શામ દામ દંડ ભેદ - ની રાજનીતિ ખેલી એનાથી વેગળા કરવાનો પ્રયાસ પણ કરાયો, જે કાળાન્તરે બૂમરેંગ થતાં શાસક ભારતીય જનતા પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ હતી. આથી અગાઉ સૈદ્ધાંતિક મુદ્દે વય વટાવી ચૂકેલ આગેવાનોને ટિકીટ નહીં આપવાનો નિર્ણય કરાયો હતો એમાં પણ ઢીલ મૂકવી પડી છે. ઊંઝામાં વયોવૃદ્ધ ધારાસભ્ય નારાયણભાઈ લલ્લુભાઈ પટેલની જીદ માટે પાર્ટીએ નમતું જોખવું પડ્યું છે. કલેકટર જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પરથી રાજીનામું અપાવી જે મહાનુભાવોને ઊંઝામાં ઉમેદવાર બનાવવાનો નિર્ણય થયો હતો તે છેલ્લી ઘડીએ ફેરવવો પડ્યો છે. એ જ રીતે દબંગ ક્ષત્રિય સાંસદ પ્રભાતસિંહ ચૌહાણની પુત્રવધૂને ટિકીટ આપવી પડી છે. ડીસાની બેઠક પુત્રને અપાવવા માગતા પાટણના સાંસદ લીલાધર વાઘેલાની માગ પણ સંતોષવી પડે એમ છે. નરેન્દ્ર મોદીનું તેજ તપતું હતું ત્યારે એમના નિર્ણય સામે કોઈ ઊની વરાળ સુદ્ધાં નહોતું કાઢી શકતું. એને ઠેકાણે હવે સ્થાનિક કક્ષાએ સક્રિય નેતાઓ માથું ઊંચકી રહ્યા છે. કોંગ્રેસમાંથી આયાત કરેલા ધારાસભ્યોને ભાજપની ટિકિટ આપવાના મુદ્દે પણ પાર્ટીના પાયાના કાર્યકરોમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. આ બધાં કારણોસર ભારતીય જનતા પાર્ટી માટે ગુજરાતનો પરંપરાગત ગઢ સાચવવાનું વધુ ને વધું કપરું બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ધુંવાધાર જાહેરસભાઓથી બગડેલી બાજી કેટલી સુધરશે તે સમય જ કહેશે. હાલ તો બેઉ પક્ષો વચ્ચે 'કાંટે કી ટક્કર' જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. ચૂંટણી જીતવા માટે નૈતિક મૂલ્યો નેવે મૂકવામાં આજના નેતાઓનું કશું જ અજુગતું નથી લાગતું. આથી ચૂંટણીના છેલ્લા તબક્કામાં મની અને મદિરાની રેલંછેલ ન થાય તો જ નવાઈ. ગુજરાત જેવી ગાંધી-સરદાર અને રવિશંકર મહારાજની ભૂમિમાં મૂલ્યો વખારે નંખાઈ જાય, ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતની ગરિમા ઝંખવાતી લાગે. પરંતુ રાજકારણીઓને તો ફક્ત પરિમાણની જ મતલબ હોય છે. જો જીતા વોહી સિકંદર !

*તંત્રીસ્થાનેથી...*

# ઈશ્વર એક છે

પી.એમ. પરમાર

***કબીરા કૂવા એક હૈ, પનિહારી અનેક;***
***બરતન સન ન્યારો ભયો પાની સબમેં એક***

સંત કબીર નિરક્ષર હતા, એક પણ અક્ષર ભણ્યા વગર અક્ષરને પામવાની ગજબની તાકાત તેમના અક્ષરદેહમાં હતી. ઉપરનો ૩૨ વગર અક્ષરને પામવાની દોહો બત્રીસે કોઠા ઉપર દીવા પ્રગટાવાનારો આ વાતનો સચોટ પુરાવો છે. કબીરવાણી એમના સમગ્ર જીવનની લ્હાણી છે; આખી જિંદગીની કમાણી છે.

બંદગી એમની જિંદગી હતી, સાદગી એમની બંદગી હતી. પુરુષાર્થ એમનો પારસમણિ હતો. કાપડના તાર વણતાં વણતાં એમને એક પ્રભુનો એક તાર પકડમાં આવી ગયો હતો. ફેરી ફરી ફરીને ભવનો ફેરો સુધારો લીધો હતો. તો ભક્તિનું દોહન દોહામાં કરી લીધું હતું.

દંભના એ દુશ્મન હતા તો અંતરજ્ઞાનના આધાર સ્તંભ હતા. ફીકરની ફાકી કરે એ ફકીર એ તેમનું લકીર હતું. એમના તમામ દોહા ગહન વાતને વહન કરનારા છે. એમના દોહા ગાગરમાં સાગર જેવા છે. જગતના બધા ધર્મો કહે છે : ઈશ્વર એક છે.

આ એક વાત એક જ દોહામાં એ ચોખ્ખા ઘીનો શીરો ગળે ઉતરી જાય તે રીતે પ્રગટ કરે છે. કૂવો એ ખુદ ભગવાન છે, અનેક પરિહારીઓ એ ભગવાનના ભક્તો છે; બરતન એ અલગ અલગ પ્રકારની ભક્તિ કે પ્રભુ પામવાની યુક્તિ છે અને કૂવાનું જે પાણી છે તે પાણીને જેમ કોઈ આકાર નથી તે સ્વયં નિરાકાર છે.

કબીરના આ એક દોહા ઉપર જ એક આખું પુસ્તક પ્રકાશિત કરી શકાય એમ છે. સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામ એકમ શરણમ્ વ્રજ - એ આખો ગીતાસાર આ એક જ દોહામાં સમાવી લીધો છે એવી કમાલ કબીર સિવાય કોણ કરી શકે ?

જયાં સુધી ધર્મો અનેક છે ત્યાં સુધી ઈશ્વર એક નથી. ખાટલે મોટી ખોડ તો એ છે કે આપણા સૌના ઈશ્વર દરરોજ બદલાયા કરે છે. જો થડ પકડી લો તો પાંદડાં, પુષ્પો, ફળ, ડાળ બધું તમારું જ છે. થડની ગડ આવડી જાય તો એ 'એક' - પકડમાં આવી જાય. ભણતર વગરનું કબીરનું ગણતર જીવનનું ચણતર કરનારું છે.

દોહો વાંચતા જ જેમ કૂવો, દોરડું, ઘડો, ગરગડી, પનિહારીઓ અને પાણીનું સુંદર દૃશ્ય સમક્ષ થાય છે એ રીતે સર્જનહાર સમક્ષ થઈ જાય એવી ઉચ્ચ કક્ષા આ દોહાની છે. આપણો નરસિંહ મેહતો પણ આજ કહેતો : મારો હરિ કરે એ ખરુ. અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રી હરિ ! કબીર - નરસિંહ તત્ત્વે એક નાતના થયા.

વિષ્ણુ સહસ્રનામમાં શ્લોક : ૭૮ માં વિષ્ણુનું એક નામ 'એકો' - દર્શાવ્યું છે. દૂધનો સાર ઘી છે, પુષ્પોનો સાર મધ છે તેમ કબીરે એક દોહામાં છે એ 'એક' - નો સાર નેક બની નીચોવ્યો છે.

***કબીરા કબીરા કયા કરો, જાવ જમના કે તીર;***
***'એક' રાધા કે પ્રેમ મેં બહ ગયે લાખ કબીર.***

# નહીં જન્મેલી દીકરીનો માને પત્ર - એક અનોખી પુસ્તિકા


મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ



ભારતની તમામ ભાષાઓમાં દીકરી અને મા ઉપર વિપુલ પ્રમાણમાં લખાયું છે. પરંતુ જે દીકરી માના પેટમાં છે અને હજી અવતરવાની બાકી છે એની પીડા કે વ્યથા ઉપર બહું ઓછું લખાયું છે. આપણે યુગોથી એવું માનતા આવ્યા છીએ કે વેદના અને સંવેદના માત્ર આપણે જ અનુભવીએ છીએ પરંતુ માના ગર્ભમાં રહેલ એક મહિનાનું ભ્રુણ પણ આપણા જેવી વેદના સંવેદના અનુભવી શકે છે. માના મનની વાત અનુભવી શકે છે. કોઈપણ સ્ત્રી જ્યારે ગર્ભ ધારણ કરે છે ત્યારે તેના ઉદરમાં એક નવો જીવ ઈશ્વર મૂકી આપે છે. જેમ આપણને મા-બાપ ઈશ્વર પસંદ કરીને આપે છે તેમ સંતાનો પણ ઈશ્વર જ આપે છે. પરંતુ આજકાલ છેલ્લા થોડા વર્ષોથી આપણા દેશમાં મોટાભાગના માતાપિતાઓ પોતાના ઘેર દીકરી જન્મે એવું ઈચ્છતા નથી. સાયન્સ અને ટેકનોલોજીને કારણે ગર્ભમાં ઉછરતું સંતાન દીકરી છે કે દીકરો એ આજે બહું સરળતાથી જાણી શકાય છે. અને પરિણામે ગર્ભમાં જ ભ્રુણહત્યાની ઘટનાઓ સમાજમાં ઘટવા લાગી છે. જો કે આજે ભ્રુણ પરીક્ષણ કરાવવું કે કરવું એ કાયદાકીય ગુહનો બને છે. જેને કારણે આ પરીક્ષણમાં થોડો ઘટાડો થયો છે. પરંતુ આમ છતાંય અનેક શહેરોમાં અને હોસ્પિટલોમાં અનેક ડોકટરોના ઘરમાં ખાનગી રીતે આ ભ્રુણ પરીક્ષણ થાય છે અને ભ્રુણહત્યાઓ પણ થાય છે.

અહીં આ પુસ્તિકામાં માના ગર્ભમાં ઉછરતી એક દીકરીની વ્યથા રજુ થઈ છે. જે દીકરી હજી જન્મી નથી અને જન્મવાની પણ નથી. કેમ કે તેણે ઉદરમાં જ પોતાની ભ્રુણહત્યાની વાત માતા – પિતા પાસેથી સાંભળી લીધી છે. ગર્ભમાં ઉછરતી દીકરીની પણ સંવેદના હોય છે. તે પણ મા કે પિતા પેટ પર હાથ ફેરવે તો એ સ્પર્શ અનુભવી શકે છે. એનો ભાવ પકડી શકે છે. અને સુખ દુઃખ અનુભવી શકે છે. પરંતુ આપણને એ દેખાતું નથી. આપણે એ અનુભવી શકતા પણ નથી. માત્ર અંદરનું હલનચલન થતું અનુભવી શકીએ છીએ બસ એટલું જ.

આપણા ધર્મશાસ્ત્રોમાં ગર્ભાધાનને એક સંસ્કાર લેખે મૂલવવામાં આવે છે. અને સંસારનો પ્રત્યેક જીવ એની માના ઉદરમાંથી જ જન્મે છે. એક નવા જીવને જન્મ આપવા માટેનું સંસારનું સૌથી મોટું કષ્ટ અને સૌથી મોટું સુખ ઈશ્વરે માત્ર સ્ત્રીને, નારી જાતિને જ આપ્યું છે. અને એ સ્ત્રી એટલે મા, જેમાંથી અનેક સંબંધો – સંબોધનો બને છે. દીકરી, વહુ, બહેન, પત્ની અને બીજા ઘણા બધા. આ બધા જ સંબંધોમાં સ્ત્રીની સર્વોપરિતા અને સંવેદનશીલતા અનન્ય, અજેય છે. પરંતુ આજે છેલ્લા થોડા વર્ષોથી સમય બદલાયો છે. યુગ બદલાયો છે. ભારતમાં સ્ત્રીને દૈવી સ્વરૂપ માનતા આપણે જ ગર્ભમાં રહેલ 'સ્ત્રી બીજ'ને જન્મતા પહેલા જ મારી નાખીએ છીએ. અને જો આ ઘાતક પ્રવૃતિ થોડા વર્ષો આમ જ ચાલશે તો આપણા દેશમાં સામાજિક અને પારિવારિક ક્ષેત્રે હાહાકાર મચી જશે. સમાજમાં કે પરિવારમાં સ્ત્રીને પુરુષનું પ્રમાણ જળવાય નહી તો શું બની શકે છે તે આપણે સૌ જાણીએ છીએ. એક ઘરમાં




ચાર ચાર દીકરા હોય અને એકના લગ્ન માંડમાંડ થાય બીજા ત્રણ ના લગ્ન થતા નથી કેમ કે દરેક ઘરમાં દીકરી ઓછી છે. એક ભાઈની પત્ની ઘરમાં આવે છે, પિતા એકલા છે. માતા મૃત્યુ પામી છે ત્રણ યુવાન ભાઈઓ પરણવાના બાકી છે. આવા સ્ત્રી વિનાના ઘરમાં આવેલ નવી વહુ કેટલો સમય સલામત રહેશે ? સુખી રહેશે ? શાંતિથી રહી શકશે ? જો આજે આપણે ભ્રુણહત્યા નહી અટકાવીએ, દીકરીઓને જન્મવા નહી દઈએ તો આવતા થોડા જ વર્ષોમાં આપણી જ દીકરીઓ આપણા જ ઘરમાં, આપણા જ પરિવારમાં કે સમાજમાં સલામત નહી રહી શકે. અત્યારે આપણી જે દીકરીઓ છે એની સલામતી માટે પણ વધુ દીકરીઓ જરૂરી છે.

મને એ સમજાતું નથી કે લોકો શ્રદ્ધા પૂર્વક ભાદરવા મહિનામાં ક્યાંયથી ચાલીને અંબાજીમાતાના દર્શન કરવા જાય છે, કષ્ટ વેઠીને ઊંચા પર્વત ઉપર ચામુંડામાતાના દર્શન કરવા જાય છે, મહાકાલીની પૂજા કરે છે, નવરાત્રીમાં નવ રાત્રી દેવીઓની ઉપાસના કરે છે. એ જ સ્ત્રી કે પુરુષો માના ગર્ભમાં રહેલી દેવીની હત્યા કંઈ રીતે કરી શકે છે ? એક માતા, એક સ્ત્રી પોતાના ગર્ભમાં ઉછરતી પોતાની જ બીજી સ્ત્રીની હત્યા કંઈ રીતે કરી શકે ? જગતમાં એવી ઘણી સ્ત્રીઓ છે જેનું નામ લેતા જ ગર્વ થાય. જેમણે નવો ઈતિહાસ રચ્યો છે. યુગ બદલ્યો છે, સત્તા બદલી છે. જાતિના કે જ્ઞાતિના કે ધર્મના બંધનો તોડીને નવી ક્રાંતિ કરી છે. કોઈપણ યુગમાં કોઈપણ દેશની સ્ત્રી કદી સામાન્ય રહી નથી. સવાલ માત્ર જન્મ પછી એને અપાતા સંસ્કાર, શિક્ષણ અને સમજદારીનો છે. જો આ બધુ યોગ્ય હોય તો કોઈપણ દીકરીને કે વહુને કે બહેનને કે પત્નીને ક્યારેય વાંધો આવતો નથી. એક યુગમાં દેવી અનસૂયા પોતાના સતીત્વના બળથી પોતાની પરીક્ષા લેવા આવનાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને, ત્રણેય દેવોને બાળક બનાવી છ મહિના સુધી પોતાનું સ્તનપાન કરાવે છે. અને આજના યુગમાં સની લિઓન જેવી સ્ત્રી પણ ભારતમાં આવી સફળ અભિનેત્રી બની સન્માન મેળવે છે. આ આપણી ભારતીય સંસ્કૃતિમાં જ બની શકે છે. આપણે સ્ત્રીને અબળા પણ માનીએ છીએ અને શક્તિ સ્વરૂપ પણ માનીએ છીએ. આપણે દીકરીને સાપનો ભારો પણ માનીએ છીએ અને બે કુળનો દીવો પણ માનીએ છીએ. આપણા દેશનો સમાજ પુરુષ પ્રધાન હોવા છતાંય મિઝોરમ, મણિપુર આસામ જેવા રાજ્યોમાં આજે પણ સ્ત્રી પ્રધાન સમાજ જોવા મળે છે. તો વળી વિશ્વના અનેક દેશોમાં પણ સ્ત્રી પ્રધાન સમાજ આજે પણ અસ્તિત્વમાં છે. ત્યાં સ્ત્રી જન્મવી એ ગૌરવની ઘટના છે. કેમ કે કોઈપણ રાષ્ટ્ર કે સમાજનું સુયોગ્ય નિર્માણ સ્ત્રી વિના અશક્ય છે. ભારતીય સમાજમાં જો સ્ત્રીનું પ્રમાણ ઘટશે તો એના પરિણામો ખુબ ગંભીર હશે. જે આપણી આવતી પેઢીને ભોગવવું પડશે, જેથી દરેક મા બાપે દીકરીની ભ્રુણ હત્યા કરવાની જરૂર નથી. પણ દીકરીને જન્મ પછી એનામાં યોગ્ય સંસ્કાર આવે, એને શિક્ષિત કરવામાં આવે, તો કોઈપણ દીકરી દીકરાથી પણ વિશેષ બની શકે છે. પરિવારનું, સમાજનું અને રાષ્ટ્રનું નવનિર્માણ કરી શકે છે.

વળી આ કાવ્યમાં છંદની દૃષ્ટિએ પંક્તિના બે ચરણમાં પ્રથમ ચરણમાં ચાર 'ગાગા' અને બીજા ચરણમાં ત્રણ કે સાડા ત્રણ કે ચાર 'ગાગા' પ્રયોજવામાં આવ્યા છે. વળી વારંવાર વપરાતો દીકરી શબ્દ 'ગાગા' ગણ્યો છે. એના બદલે 'પુત્રી' પ્રયોજીને છંદમાં 'ગાગા' કરી શકાયું હોત પણ આમ છતાંય 'દીકરી' શબ્દ પ્રયોજ્યો છે. ક્યાંક એક 'ગા' વધારે છે તો ક્યાંક એક 'ગા' ઓછો છે. દરેક બે બે પંક્તિનું સ્વરૂપ સ્વતંત્ર છે. અહી આખી આ વાત નહી જન્મેલી દીકરીના મૂખે એની મમ્મીને પત્રરૂપે કહેવાયેલી છે.

મને શ્રદ્ધા છે કે મારું આ દીર્ઘકાવ્ય બધાને ગમશે અને સરકાર દ્વારા ચાલતું 'બેટી બચાવો, બેટી ભણાવો' અભિયાનમાં એક નવું કામ કરશે.

(પુસ્તકપ્રાપ્તિ : નહીં જન્મેલી દીકરીનો માને પત્ર : (દીર્ઘકાવ્ય અને પત્ર) પ્રથમ આવૃતિ – ૨૦૧૭, કિંમત – રૂ/- ૧૨૦/- લેખક – કનૈયાલાલ ભટ્ટ – ગાંધીનગર)

- 9426060601.india@gmail.com

# આપનો કીમતી અને પવિત્ર મત...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય



ઉપર માઈકના લાંબા ભૂંગળા લગાડેલી ડોઝ મોટરકારે ગામના ધૂળિયા મારગ પરથી ગામમાં પ્રવેશ કર્યો એ સાથે જ ભૂંગળામાંથી અંદર બેઠેલાનો અવાજ આવવો શરુ થઈ ગયો...' ભાઈઓ અને બહેનો... આપનો કીમતી અને પવિત્ર મત...પાર્ટીના ઉમેદવાર... ને આપીને જંગી બહુમતીથી વિજયી બનાવો... ભાઈનું નિશાન છે... યાદ રાખો યાદ રાખો યાદ રાખો નિશાન... તારીખ... ના રોજ નિશાન...પર ચોકડી લગાવીને... ભાઈને વિજયી બનાવો...!'' ગામની કાર જઈ શકે એટલી ગલીઓમાં આ માઈક્માથી પ્રચાર કરીને કાર પાછી બીજા ગામ ભણી ભાગી છૂટે અને ગામના ટાબરિયાઓ આ કાર પાછળ દોડીદોડી ને થાક્યા પછી કારમાંથી ઉડાડવામાં આવેલા જે તે ઉમેદવારના ચોપાનીયા નીરખવામાં મશગુલ થઈ જાય અને ગામના પાદરે કે બજારમાં બેઠેલા લોકો 'ચૂંટણી આવી' એવી ધારણા પર આવી જાય...! પહેલા કૈક આવો હતો ચૂંટણી પ્રચાર અને ચૂંટણીનો માહોલ...!

હવે હાઈટેક પ્રચારનો જમાનો છે અને ખાસ તો હવે લોકો પણ પહેલાની જેમ બજારમાં કે પાદરે નથી બેસી રહેતા પણ પોતે પણ ચૂંટણી પ્રક્રિયામાં ઈન્વોલ્વ રહે છે. લોકશાહીની આ જ તો મજા છે. આગળ લખ્યો એવો કિસ્સો અને સીન આજથી ઓલમોસ્ટ ૩૫-૪૦ વર્ષ પહેલાનો જ છે અને આ લખનારે અનુભવેલો છે. જો કે ત્યારે પણ પ્રચારની પરાકાષ્ટા અને ખેંચાખેચી કે પછી છાપાની ભાષામાં કહીએ તો પ્રચારની ગરમી કે ગરમાવો જોવા તો મળતો જ હતો પણ એ મોટે ભાગે શહેરો પુરતો મર્યાદિત હતો. જ્યારે આજનો જમાનો જ લઈ લ્યો ને... લગભગ દરેક પાર્ટીઓ શહેરો તો ખરા જ પણ સાથે સાથે નાના શહેરોમાં પોતાના નેતાઓની જાહેરસભાઓ અચૂક ગોઠવે જ છે. આ પ્રચારનું બદલાયેલું ચિત્ર છે અને આ મતદારોના મહત્વનું નિશાન છે. લોકશાહી છે અને દરેક રાજ્યોમાં નિયમીતપણે કોઈ ને કોઈ ચૂંટણીઓ યોજાતી રહેતી હોય છે એને લીધે પ્રચાર, ચૂંટણી યાત્રા અને સભા-રેલીઓ નું એક વ્યવસ્થિત નેટવર્ક લગભગ દરેક પાર્ટીએ વિકસાવેલું છે. પહેલા તો વિધાનસભા કે ધારાસભાની પાંચ વર્ષે ચૂંટણી આવતી ત્યારે 'આપનો કીમી અને પવિત્ર મત ' આવું સંભળાતું, પણ હવે તો સરપંચનું ઈલેકશન પણ એમ.એલ.એ. સ્ટાઈલમા ખેલાય છે એવામાં પ્રચાર અને પ્રસારની બદલાયેલી ટેકનીકો ઘણી રસપ્રદ છે...!

પહેલા સોશિયલ મીડિયા નહોતું ત્યારે ફેસ ટુ ફેસ પ્રચાર કે ઉમેદવારનું કેન્વાન્સિંગ કરવું પડતું, પણ આજે તો શોશિયલ મીડિયાને લીધે પ્રચારની એક નવી અને સારી-નરસી બંને ઈફેક્ટ ધરાવતી નવી વિશાળ બારી ખુલી ગઈ છે. ચાણક્ય એ કહ્યું છે કે નહિ એ ખબર નથી પણ એમ કહેવાય છે કે ચૂંટણી જીતવા માટે શાસ્ત્રોમાં લખેલા દરેક કપટ અને કુટિલતાથી હરીફ ઉમેદવારને હરાવવો પડે છે એટલે એઝ એક્સ્પેકટેડ જેવી ચૂંટણી નજીક આવતી જાય અને પ્રચાર ચરમસીમાએ પહોચે એટલે હરીફને હંફાવવાના અનેકો ઉપાયો માહેનો સૌથી ખતરનાક એવો ચારિત્ર્યહનનનો ખેલ શરુ થઈ જાય. હોટેલ કે ઘરમાં ગુપ્ત કેમેરાથી શૂટ કરેલું એકાદું અંગતપળનું રેકોડ' બજારમાં ફરતું થઈ જ જાય. અંગતપળો માણતા ઝીલાઈ ગયેલો ખુલાસાઓ આપવામાં અને ખાસ તો રદિયો આપવામાં અને વિરોધીઓનું કાવતરું છે એવું ગાઈ વગાડીને પુરવાર કરવામાં જેટલો બીઝી રહે એટલો હરીફને પ્રચારનો વધુ સ્પેસ અને ટોપિક મળતો જાય...!આ સીડી વાળું એવું અમોઘ શસ્ત્ર છે ને કે ખાલી ઈલેકશન સમયે જ નહિ પણ કોઈને પાડી દેવા કોઈ પણ સમયે આનો ઉપયોગ થઈ શકે છે અને આ તીર ઓલમોસ્ટ નિશાના પર જ લાગે છે...પડી જ જાય હામેવાળી પાલટી...!

નિયમ મુજબ રાતના ૧૦ પછી જાહેરસભા યોજી ના શકાય, તો ક્યાં હૈ ? ચેનલો પર ધમધોકાર પ્રચાર કોઈ ને કોઈ પ્રોગ્રામના બહાના નીચે ચાલુ જ હોય છે. અરે ભાઈ/બોન ચૂંટણીમાં પ્રચાર નહિ કિયા તો ક્યાં કિયા ? પ્રચાર જ ઈલેકશનનો સાચો આત્મા છે. પ્રચારની અવનવી ટેકનીકોને લીધે ચૂંટણી લડતા ઉમેદવાર એકસાથે ઘણી જગ્યાએ પહોચી શકે છે. પ્રચારમાં સોશિયલ મીડીયાનું મહત્વ એટલું બધું છે કે લીટરલી ફેસબુકના પેજીસ કે ટ્વીટરના હેન્ડલ રણમેદાનમાં ફેરવાય જાય છે. હવે તો બધી જ પાર્ટી પોતાનો આઈ.ટી. સેલ રાખે છે અને આ સેલના લોકો સાચું કે ખોટું બધી જ ટાઈપનું પોતાની પાર્ટીને લાગતું અને હરીફ પાર્ટીને નુકશાન કરતું શોશિયલ મીડિયા સાહિત્ય ઈલેક્ટ્રોનિક આકાશમાં આડેધડ ફેંક્યા જ કરતા હોય છે., ઘણા ઝીલી પણ લેતા હોય છે, ઘણા ભાવિકો સીરીયસલી પણ લેતા હોય છે અને ઘણા સાચું ખોટું જાણવા જેટલી સ્વતંત્ર બુદ્ધિ રાખતા હોય છે પણ આ આઈટી સેલ પીપલ ને એની હારે કોઈ નિસ્બત નહિ, એમનું કામ જ અવનવું બનાવ્યા કરવાનું અને ઈલેક્ટ્રોનિક આકાશમાં ફેંક્યા કરવાનું એટલે જ તો સાચું યુદ્ધ શોશિયલ મીડિયા પર જ રમાતું હોય છે...!

ઉમેદવારના પ્રચાર માટે ખોલાયેલા કાર્યાલયોમા કાર્યકરોની ગહમાંગહમી તો હોય જ છે પણ પહેલાની જેમ કાર્યાલયમાં પાથરેલા ગાદલાઓમાં આળોટતા કાર્યકરો ઓછા જોવા મળે છે, બીકોઝ ફોર્મ ભર્યા અને મતદાન વચ્ચે માંડ વીસેક દિવસ કે એનાથી થોડો વધુ ગાળો હોય છે એવામાં બધે પહોચી વળવું પડે અને એ કામ કાર્યકરો સિવાય કોણ કરી શકે? પ્રચારના નવા નવા કન્સેપ્ટ આવતા જાય છે પણ મારા મતે ડોર ટુ ડોર પ્રચાર જેવી અસર બીજા કોઈની ના આવી શક! ટીવી પર 'તમારા ઉમેદવાર ને ઓળખો' કાર્યક્રમ કરતા આ ફેસ ટુ ફેસ અને ડોર ટુ ડોર વાળું વધુ અસરદાર પણ ખાટલે મોટી ખોટ એ છે કે એટલા સમયો ક્યાં? ટીવી, રેડિયો, વર્તમાનપત્રો કે પછી જંગી રેલીઓ-સભાઓ- રોડ શો ઓ જેવા પ્રચારોના ચારેકોરથી થતા ટ્રેડીશનલ અને હાઈટેક એટેક્સ જેમ જેમ વધતા જાય છે એમ એમ મતદાર વધુ ને વધુ શાણો થતો જાય છે, છાપાની ભાષામાં લખીએ તો 'મતદારનું મન કળાતું નથી' અને આ જ લોકશાહીનો વિજય છે, ભલે પાંચ વર્ષે તો પાંચ વર્ષે અને લાખો-કરોડોના પ્રચારો કર્યા પછી પણ એક વસ્તુ પત્થર કી લકીર છે કે 'મતદાર જ અંતે તો કિંગ છે'.....!!!